ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/૯૯૧૪/2025 તા11/06/2025 18

પ્રતિ,

1. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
2. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...
3. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
4. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય: તમામ ખાનગી યુનિવર્સિટી/ખાનગી કોલેજોમાં ચાલતાં તમામ કોર્ષનું ફી સ્ટ્રક્ચર, માન્ય પ્રવેશ સંખ્યા (Intake Capacity), માન્યતા/જોડાણના આધાર રજૂ કરવા બાબત.

સંદર્ભ: નં.ના.નિ/અજાક/શિક્ષણ/2025-26/3629, નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ની કચેરી અમદાવાદ એ બ્લોક, 10 મો માળ, બહુમાળી ભવન લાલદરવાજા અમદાવાદનો પરિપત્ર મળ્યા તા.11-06-2025.

માનનીય સાહેબશ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, એ બ્લોક, 10 મો માળ, બહુમાળી ભવન, લાલદરવાજા અમદાવાદ દ્વારા શૈક્ષણિક વર્ષ:2025-26માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિના સૂચારૂ અમલ માટે પરિપત્ર ક્રમાંક નં.ના.નિ/અજાક/શિક્ષણ/2025-26/3629નો પત્ર વંચાણે લઈ નીચેની વિગતોની માહિતી નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, લાલદરવાજા, અમદાવાદ ને તા.25-06-2025 સુધીમાં મોકલવા વિનંતી તથા ભવનો/વિભાગોએ તેની નકલ નોડલ ઓફિસરશ્રી, સ્કોલરશીપ સેલ, પહેલો માળ, મનોવિજ્ઞાન ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા-380009, અમદાવાદને પણ મોકલી આપવા વિનંતી.

1) યુનિવર્સિટી/કોલેજને લગતા તમામ આનુષંગિક પુરાવાઓ જેમ કે યુનિવર્સિટી/કોલેજમાં ચાલતા તમામ કોર્ષનું ફી સ્ટ્રક્ચર (બોર્ડ ઓફ મેમ્બર્સની મીટીંગમાં નક્કી થયેલ, તમામ મેમ્બર્સની સહી સાથેનું રીઝોલ્યુશન).
2) તમામ કોર્ષની માન્ય પ્રવેશ સંખ્યા (Intake Capacity).
3) યુનિવર્સિટી/કોલેજ/કમીટી દ્વારા નક્કી કરેલ માન્ય પ્રવેશ સંખ્યા પૈકી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ માટે અનામત રાખેલ જગ્યા તથા સદર યુનિવર્સિટીને સંલગ્ન તમામ કોલેજ/સંસ્થામાં ચાલતાં જુદા-જુદા કોર્ષની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત (Minimum Qualification).
4) કોલેજ તથા કોર્ષના માન્યતાના અને જોડાણના આધાર.

આભાર,

નોડલ ઓફીસર
(સ્કોલરશીપ સેલ)

બિડાણ :- ઉપર મુજબ

નકલ રવાના:

1. નાયબ નિયામક અનુ. જાતિ કલ્યાણ ની કચેરી
અમદાવાદ એ બ્લોક, 10 મો માળ, બહુમાળી ભવન,
લાલદરવાજા અમદાવાદ.

# પરિપત્ર

**પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ**
**અગત્યનું/સમય મર્યાદા**

GUJARAT UNIVERSITY
INWARD DEPARTMENT
04 JUN 2025

નં.ના.નિ.અજાક/શિક્ષણ/૨૦૨૫-૨૬/૩૬૮૯
નાયબ નિયામક, અનુસૂચિત જાતિ
કલ્યાણની કચેરી
જિ. અમદાવાદ
ફોન નં: ૦૭૯-૨૫૫૦૧૧૨૩
Email: dbcwo-ahd@gujarat.gov.in

159260118890

પ્રતિ,
રજિસ્ટ્રારશ્રી/આચાર્યશ્રી
સેલ્ફ ફાઈનાન્સ/ખાનગી યુનિવર્સિટી/ખાનગી કોલેજ (તમામ)
જિ. અમદાવાદ

**વિષય: તમામ ખાનગી યુનિવર્સિટી/ખાનગી કોલેજોમાં ચાલતાં તમામ કોર્ષનું ફી સ્ટ્રક્ચર, માન્ય પ્રવેશ સંખ્યા (Intake Capacity), માન્યતા/જોડાણના આધાર રજૂ કરવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિની જુદી-જુદી યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓ/લાભાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચુકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત શિષ્યવૃત્તિની યોજનાઓનો અમલ કરવામાં આવે છે.

ઉક્ત બાબતે વધુમાં જણાવવાનું કે અમદાવાદ જિલ્લામાં આવેલ તમામ ખાનગી યુનિવર્સિટી/ખાનગી કોલેજોએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિના સુચારૂ અમલ માટે યુનિવર્સિટી/કોલેજને લગતા તમામ આનુષંગિક પુરાવાઓ જેમ કે યુનિવર્સિટી/કોલેજમાં ચાલતા તમામ કોર્ષનું ફી સ્ટ્રક્ચર (બોર્ડ ઓફ મેમ્બર્સની મીટીંગમાં નક્કી થયેલ, તમામ મેમ્બર્સની સહી સાથેનું રીઝોલ્યુશન), તમામ કોર્ષની માન્ય પ્રવેશ સંખ્યા (Intake Capacity), યુનિવર્સિટી/કોલેજ/કમીટી દ્વારા નક્કી કરેલ માન્ય પ્રવેશ સંખ્યા પૈકી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ માટે અનામત રાખેલ જગ્યા તથા સદર યુનિવર્સિટીને સંલગ્ન તમામ કોલેજ/સંસ્થામાં ચાલતાં જુદા-જુદા કોર્ષની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત (Minimum Qualification), કોલેજ તથા કોર્ષના માન્યતાના અને જોડાણના આધાર વગેરેની સ્પષ્ટતા કરતાં તમામ આનુષંગિક પુરાવાઓ મોડામાં મોડા **તા:૩૧/૦૭/૨૦૨૫** સુધીમાં અત્રેની કચેરીએ સત્વરે જમા કરાવવાનાં રહેશે. ત્યારબાદ જમા કરાવેલ આધાર પુરાવાઓ કોઈપણ સંજોગોમાં માન્ય ગણાશે નહી. જેની નોંધ લેશો.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
અમદાવાદ

**નકલ રવાના:**

૧. રજિસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા અમદાવાદ તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની ખાનગી કોલેજોને ઉક્ત કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે અંગેની જરૂરી સૂચનાઓ આપવા વિનંતી.

૨. રજિસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, ચાંદખેડા અમદાવાદ તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની ખાનગી કોલેજોને ઉક્ત કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે અંગેની જરૂરી સૂચનાઓ આપવા વિનંતી.

**નકલ સવિનય રવાના:**

માન. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીજગર તરફ જાણ સારૂ